**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**
**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**
**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**

**સમક્ષ**

**કેસ નં. એમ.જી. III-૮૬-૨૦૧૪-૧૫**

અરજદાર: શ્રી રાજેશ્વરીબેન એમ. રાજપૂત,
ગોરવા ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાન નં. ૨૧૯, આનંદનગર, વડોદરા.

રજુઆત કરનાર: શ્રી રાજેશ્વરીબેન એમ. રાજપૂત,

સામાવાળા: નાયબ ઇજનેરશ્રી,
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
ગોરવા સબ-ડિવિઝન, વડોદરા

રજુઆત કરનાર: શ્રી જયદીપ વ્યાસ, જુનીયર ઇજનેર, એમજીવીસીએલ, ગોરવા સબ-ડીવીઝન.

ફરિયાદીની તા. ૦૧.૧૨.૨૦૧૪ની નવું વીજ કનેક્શન છેલ્લા પાંચ વર્ષથી નહીં આપવા બાબતની ફરિયાદ તા. ૧૦.૧૨.૧૪ તથા ૧૯.૧૨.૧૪ ના રોજ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ સાંભળવામાં આવી. જેમાં ફરિયાદી તરફે ફરિયાદીના પતિ શ્રી મોહમદભાઇ કનૈયાલાલ રાજપૂત તથા સામાવાળા એમ.જી.વી.સી.એલ. તરફે શ્રી જયદીપ વ્યાસ, જુનીયર એન્જીનીયર, ગોરવા સબ-ડીવીઝન હાજર રહ્યા.

ફરિયાદીની ફરિયાદની ટૂંકમાં વિગત એવી છે કે,

૧. ફરિયાદ અરજ ના મથાળે દર્શાવેલ સરનામે ગ્રાહક નં. ૧૫૩૦૬/૦૦૩૫૯/૧ નું કનેકશન નાયબ ઇજનેર ગુજરાત હાઉસીંગ બોર્ડ ના નામે ચાલતુ હતુ જેમા ફરીયાદી રહેતા હતા.

૨. ફરિયાદીએ તેઓની ફરિયાદમાં એવી તકરાર લીધેલ છે કે; છેલ્લા પાંચ વર્ષથી ઘરનું વીજ જોડાણ તેમજ મીટર મળતું નથી. છેલ્લા પાંચ વર્ષથી વીજ જોડાણ મળતું નથી તેથી તેઓનું કુટુંબ અંધારામાં રહે છે તથા છોકરાઓને લાઇટ વગર અભ્યાસમાં ઘણી તકલીફ પડે છે. જેથી વહેલી તકે ફરિયાદીની અરજ ધ્યાનમાં લેવા વિનંતી કરેલ છે.

૩. ફરિયાદી વતી તેઓના પતિ મોહમદભાઇ કનૈયાલાલ રાજપૂતે હાજર રહી જણાવ્યું કે, તેઓ ગોરવા મુકામે આવેલા ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાન નં. ૨૧૯, આનંદનગરમાં ૧૯૯૧ થી રહે છે. સદર મકાન તેઓ જેને ત્યાં ડ્રાઇવર તરીકે નોકરી કરતા હતા તે શેઠની માલિકીનું છે. તેઓએ તે સમયે પૈસા આપી મકાન ખરીદ કરેલ; પરંતુ તેઓના નામે કરેલ નહીં. આ મકાનનું વીજ કનેક્શન ડેપ્યુટી એન્જીનીયર, એચ.એસ. ડિવિઝન, ગુજરાત હાઉસીંગ બોર્ડના નામે ચાલુ હતું. તા. ૦૯.૦૨.૦૯ ના રોજ આ કનેક્શન ડીસ કનેક્ટ કરવામાં આવ્યું હતું. ત્યારથી તેઓ અંધારામાં રહે છે અને તેઓના બાળકોને અંધારામાં અભ્યાસ કરવાની તકલીફ પડે છે. તેથી સત્વરે વીજ જોડાણ અપાવવા માંગણી કરેલ.

સામાવાળા એમ.જી.વી.સી.એલ. તરફે ગોરવા સબ-ડીવીઝનના જુનીયર એન્જીનીયર શ્રી જયદીપ વ્યાસે હાજર રહી જણાવ્યું કે; ફરિયાદીનું વીજ જોડાણ તા. ૦૯.૦૨.૦૯ ના બીલ ભરપાઇ ન કરવાના કારણે શરોજ પી.ડી.સી. કરવામાં આવેલ. ત્યારબાદ તા. ૦૨.૦૪.૧૪ ના રોજ ઇલેક્ટ્રીસીટી એક્ટ-૨૦૦૩ ની કલમ ૧૩૫ મુજબ બુક કરવામાં આવેલ. અને રૂા. ૧૩,૯૧૨/- + ૭૨૭/- મળી કુલ્લે રૂા. ૧૪,૬૩૯/- નું બિલ આપવામાં આવેલ. ફરિયાદીએ તા. ૦૬.૦૫.૧૪ ના રોજ બીલ ભરપાઇ કરેલ. બાકીની રકમ ૨૦૧૧ ની સ્કીમ મુજબ માફ કરેલ. અને જણાવેલ કે, ફરિયાદી રહે છે તે મકાનના માલીકીના પૂરાવા રજૂ કરેલ નથી. જેથી તેઓને વીજ જોડાણ આપી શકાયેલ નથી. જો ફરિયાદી મકાનની માલિકીના પૂરાવા રજૂ કરે તો વીજ જોડાણ આપવામાં આવે.

ફોરમના સભ્યો સુનવણી દરમ્યાન હાજર રહ્યા અને બન્ને પક્ષકારોને સાંભળ્યા તથા રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા. ફોરમે ફરિયાદીના રીપ્રેસન્ટેટીવને જણાવ્યું કે મકાનની માલિકીના પૂરાવા જો હોય તો ફોરમ સમક્ષ રજૂ કરવા. પરંતુ ફરીયાદીએ તા.૯/૧/૧૫ સુધી મકાન અંગેની માલિકીના પુરાવા રજુ કરેલ ન હોઇ ફરિયાદીની ફરિયાદનો પૂરાવાના અભાવે ન્યાય નિર્ણય કરવાનું નક્કી કર્યું.

ઉપરોક્ત ચર્ચાના આધારે ફોરમ એવા તારણ ઉપર આવેલ છે કે; ફરિયાદી પાસે મકાન અંગેની માલિકીના પૂરાવા ન હોઇ પૂરાવાના અભાવે એમ.જી.વી.સી.એલ. વીજ જોડાણ આપી શકે તેમ નથી. તેમ ઠરાવી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

ફોરમ ફરિયાદી શ્રીમતિ રાજેશ્વરીબેન એમ. રાજપૂત, ગોરવા મુકામે આવેલા ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાન નં. ૨૧૯, આનંદનગર ના ને હુકમ કરવામાં આવે છે કે; તેઓનો મકાન અંગેની માલિકીના પૂરાવાના અભાવે એમ.જી.વી.સી.એલ. નાએ તેઓને વીજ જોડાણ આપેલ નથી જે ન્યાયિક છે. તેમજ એમ.જી.વી.સી.એલ. ને હુકમ કરવામાં આવે છે કે ફરિયાદી તેઓના મકાન અંગેના માલિકીના પૂરાવા રજૂ કર્યેથી તેઓને વીજ જોડાણ આપવા હુકમ કરવામાં આવે છે

| | |
|---|---|
| (હર્ષા એસ. ચૌહાણ)<br>ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | (પી. જે. પટેલ)<br>ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

<u>વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ:</u>

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજુઆત કરવી આવશ્યક છે.

(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.

(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.

(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.

(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.

(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.

(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.

(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.

(૯) રજુઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.